email: citypulse@gujaratmitra.in

CITY pulse

ગુજરાતમિત્ર

શુક્રવાર ૦૩ જુલાઇ, ૨૦૨૬



# ગામડાની ગૃહિણીઓથી ‘લખપતિ દીદી’ સુધી

## વડોદરાની 21,739 મહિલાઓ લખી રહી છે આત્મનિર્ભર ગુજરાતની નવી સફળતા ગાથા

એક સમય હતો જ્યારે ગ્રામિણ મહિલાઓની ભૂમિકા ઘરકામ સુધી મર્યાદિત માનવામાં આવતી હતી. આજે એ જ મહિલાઓ ઉદ્યોગસાહસિક બનીને માત્ર પોતાના પરિવારની નહીં, પરંતુ સમગ્ર જિલ્લાના અર્થતંત્રને મજબૂત બનાવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના *’વુમન લેડ ડેવલપમેન્ટ’*ના વિઝનને વડોદરા જિલ્લામાં સ્વ-સહાય જૂથોની મહિલાઓ વાસ્તવિક રૂપ આપી રહી છે.વડોદરા જિલ્લામાં હાલમાં ૯,૭૬૫ સ્વ-સહાય જૂથો કાર્યરત છે, જેમાંથી ૨૧,૭૩૯ બહેનોએ ‘લખપતિ દીદી’ તરીકે પોતાની ઓળખ બનાવી છે. ખાખરા, જ્યુટ પ્રોડક્ટ્સ, નેચરલ સરબત, અગરબત્તી, મસાલા, ડેરી પ્રોડક્ટ્સ, કેન્ડલ, અથાણા, વર્મી કમ્પોસ્ટ, કેટરિંગ સહિતના અનેક ગૃહઉદ્યોગો દ્વારા હજારો મહિલાઓ આજે લાખોની આવક મેળવી રહી છે.આ પરિવર્તન માત્ર આવકનું નથી, પરંતુ આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા અને સામાજિક સશક્તિકરણનું પણ છે. “લખપતિ દીદી યોજના માત્ર સરકારી યોજના નથી, પરંતુ ગામડાની મહિલાઓના સપનાઓને પાંખ આપતું એક સામાજિક-આર્થિક આંદોલન છે. વડોદરાની ૨૧,૭૩૯ લખપતિ દીદીઓ આજે સાબિત કરી રહી છે કે આત્મનિર્ભર ભારતનો સાચો માર્ગ ગામડાંની મહિલાઓના આત્મવિશ્વાસ અને પરિશ્રમમાંથી પસાર થાય છે.”



દરરોજ 70થી80 કિલો ખાખરાનું ઉત્પાદન થાય છે

### સયાજીપુરાની રાધાબેન... ખાખરાથી લખી સફળતાની નવી કહાની



સયાજીપુરા ગામની આદ્ય શક્તિ સખીમંડળની સભ્ય રાધાબેન ઠાકોર આજે અનેક ગ્રામિણ મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બની ગયા છે.એક સમયે કેટરિંગમાં હેલ્પર તરીકે કામ કરનારી રાધાબેનને પોતાની રસોઈ કળા પર વિશ્વાસ હતો. GLPCના માર્ગદર્શન હેઠળ તેઓ મિશન મંગલમ સાથે જોડાયા અને ૧૧ બહેનો સાથે મળીને ‘સૌમ્યા ગૃહ ઉદ્યોગ’ શરૂ કર્યો. શરૂઆતમાં ગામમાં વેચાતા ખાખરા આજે વડોદરા ઉપરાંત આણંદ, ભરૂચ અને સુરત સુધી પહોંચ્યા છે. દરરોજ ૭૦થી ૮૦ કિલો ખાખરાનું ઉત્પાદન થાય છે અને મહિને રૂ. ૧થી ૧.૫ લાખની આવક થાય છે.પાણીપુરી, મંચુરિયન, મેથી, લસણ, જીરા, પંજાબી અને અન્ય ફ્લેવરના ખાખરાએ ગ્રાહકોમાં આગવી ઓળખ બનાવી છે.

9,765 કુલ સ્વ-સહાય જૂથ | 21,739 કુલ લખપતિ દીદીઓ

| તાલુકાવાર સખી મંડળો | |
|---|---|
| 2,460 | વડોદરા |
| 1,967 | વાઘોડિયા |
| 1,327 | પાદરા |
| 941 | ડભોઇ |
| 786 | કરજણ |
| 763 | ડેસર |
| 360 | શિનોર |

### ‘વોકલ ફોર લોકલ’ને ગામડાંમાંથી પણ હવે મળી રહ્યો છે નવો આધાર

મહિલા સંચાલિત ગૃહઉદ્યોગો આજે ‘વોકલ ફોર લોકલ’ અને *’આત્મનિર્ભર ગુજરાત’*ના મજબૂત આધારસ્તંભ બની રહ્યા છે.GLPC અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA)ના સહયોગથી સરસ મેળા, પ્રદર્શનો અને વિવિધ માર્કેટિંગ પ્લેટફોર્મ દ્વારા આ ઉત્પાદનોને નવા બજારો મળી રહ્યા છે. જેના કારણે ગ્રામિણ મહિલાઓ સ્થાનિક ઉત્પાદનને રાજ્ય અને રાજ્ય બહાર સુધી પહોંચાડી રહી છે.આ સફળતા સાબિત કરે છે કે યોગ્ય તાલીમ, નાણાકીય સહાય અને બજાર સાથેનું જોડાણ મળે તો ગામડાની મહિલાઓ ઉદ્યોગ જગતમાં આગવું સ્થાન બનાવી શકે છે.

### રાધાબેનની સફળતાના પાંચ મંત્ર

- આવડતને વ્યવસાયમાં ફેરવી
- સ્વ-સહાય જૂથ સાથે જોડાયા
- ગુણવત્તા સાથે ક્યારેય સમાધાન નહીં
- બજાર સુધી જાતે પહોંચ્યા
- સરકારી યોજનાઓનો પૂરતો લાભ લીધો

### યોજનાના મુખ્ય લાભો

- વ્યાજમુક્ત લોન
- ઉદ્યોગ માટે તાલીમ
- માર્કેટિંગ સહાય
- સ્વ-સહાય જૂથ દ્વારા આર્થિક સશક્તિકરણ
- મહિલાઓને ઉદ્યોગસાહસિક બનાવવાનો પ્રયાસ



### સ્વ-સહાય જૂથો : મહિલાઓના સશક્તિકરણનું મજબૂત માધ્યમ

સ્વ-સહાય જૂથો દ્વારા બચત, ધિરાણ અને નાના વ્યવસાય દ્વારા તેમની આવકમાં વધારો થયો છે. સાથે જ, નિર્ણય લેવાની ક્ષમતા, આત્મવિશ્વાસ અને સામાજિક ઓળખમાં પણ નોંધપાત્ર પરિવર્તન જોવા મળી રહ્યું છે.

### ‘લખપતિ દીદી’ યોજના શું છે?

દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) હેઠળ શરૂ કરાયેલી આ યોજના મહિલાઓને આર્થિક રીતે સ્વાવલંબી બનાવવા માટે રચાઈ છે.



# દુપટ્ટાથી લઈને મેશ ટોપ સુધી ફેશનની નવી ઓળખ

## મિલેનિયલ્સની 5 ફેશન ટ્રેન્ડ્સે Gen Z એન્ટ્રેસ કરીને ટ્રેન્ડમાં કરી ધમાકેદાર વાપસી

ફેશનની દુનિયામાં એક વાત હંમેશા સાચી સાબિત થઈ છે કે જૂનું ક્યારેય સંપૂર્ણપણે જૂનું બનતું નથી. સમય બદલાય છે, પેઢીઓ બદલાય છે અને સ્ટાઈલિંગના માપદંડો પણ બદલાય છે, પરંતુ ઘણા ફેશન ટ્રેન્ડ્સ સમયાંતરે નવા રૂપ અને નવા અંદાજ સાથે ફરી પાછા ફેશન જગતમાં સ્થાન મેળવી લે છે. આજની Gen Z પેઢી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર જે ટ્રેન્ડ્સને વાયરલ બનાવી રહી છે, તેમાંથી ઘણા ટ્રેન્ડ્સ એવા છે જે એક સમયે મિલેનિયલ્સની ઓળખ અને પસંદગીનો અભિન્ન ભાગ હતા.ફેશન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, બેગી જીન્સ ફરી એકવાર યુવાનોમાં લોકપ્રિય બની રહી છે. એક સમય હતો જ્યારે સ્કિની જીન્સનું પ્રભુત્વ હતું, પરંતુ હવે આરામદાયક અને સ્ટાઈલિશ બેગી જીન્સ ફરીથી ટ્રેન્ડમાં આવી છે. તે જ રીતે, ક્રોપ ટોપ્સ અને ઓવરસાઈઝ ટી-શર્ટ્સ પણ નવી પેઢીના વોર્ડરોબમાં ખાસ સ્થાન ધરાવે છે. મિલેનિયલ્સ દ્વારા અપનાવવામાં આવેલી આ સ્ટાઈલ હવે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ દ્વારા ફરી લોકપ્રિય બની રહી છે.આ ઉપરાંત, કાર્ગો પેન્ટ્સ, ડેનિમ-ઓન-ડેનિમ લુક અને ચોકર નેકલેસ જેવા ટ્રેન્ડ્સ પણ ફરીથી ફેશન જગતમાં પોતાની મજબૂત હાજરી નોંધાવી રહ્યા છે. આ ટ્રેન્ડ્સમાં આધુનિક ડિઝાઈન, નવા કટ્સ અને આકર્ષક સ્ટાઈલિંગનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેના કારણે તે આજની પેઢીને વધુ પસંદ આવી રહ્યા છે.



### દુપટ્ટો હવે પરંપરાગત વસ્ત્ર નથી

એક સમય હતો જ્યારે દુપટ્ટો માત્ર સલવાર-કમીઝનો ભાગ માનવામાં આવતો હતો. આજે એ જ દુપટ્ટો ફેશન સ્ટેટમેન્ટ બની ગયો છે.

**શું બદલાયું?**

પ્લેન ડ્રેસ સાથે કોન્ટ્રાસ્ટ દુપટ્ટો સ્ટાઇલિંગ.
હેવી એમ્બ્રોઇડરી અને ઓર્ગેન્ઝા દુપટ્ટાની માંગ.ઇન્ડો-વેસ્ટર્ન લુકમાં દુપટ્ટાનો ક્રિએટિવ ઉપયોગ.લગ્ન અને ફેસ્ટિવલમાં દુપટ્ટા ડ્રેપિંગની નવી રીતો.

### પલાઝો બન્યા ફેશન ફેવરિટ



સ્કિની જીન્સના લાંબા સમય બાદ હવે કમ્ફર્ટેબલ અને ફ્લોઇંગ પલાઝો પેન્ટ્સ ફરી ચર્ચામાં છે.

**શા માટે લોકપ્રિય?**

આરામદાયક અને સ્ટાઇલિશ.
કુરતી, ક્રોપ ટોપ કે શર્ટ - દરેક સાથે મેચ.ઓફિસથી લઈને પાર્ટી સુધી યોગ્ય વિકલ્પ બની ગયા છે. અને સમર ફેશન માટે બેસ્ટ વિકલ્પ. આજના સમયમાં પ્લાઝો માત્ર એક ફેશન ટ્રેન્ડ નથી, પરંતુ આરામ અને આકર્ષક દેખાવનું શ્રેષ્ઠ સંયોજન બની ગયું છે.

### ફેશન એક ચક્ર છે

દરેક દાયકાની પોતાની ઓળખ હોય છે, પરંતુ સારો ટ્રેન્ડ ક્યારેય ખોવાતો નથી. Gen Zએ મિલેનિયલ્સના અનેક ટ્રેન્ડ્સને પોતાના અંદાજમાં અપનાવીને ફરી લોકપ્રિય બનાવ્યા છે. દુપટ્ટો હોય કે પલાઝો, બંગડીઓ હોય કે મેશ ટોપ - આજે દરેક ટ્રેન્ડમાં આધુનિકતા અને કમ્ફર્ટનું અનોખું સંયોજન જોવા મળે છે.

### બોલ્ડ-ઓવરસાઇઝ જ્વેલરીનું કમબેક



મિનિમલ જ્વેલરીનો ટ્રેન્ડ હજુ છે, પરંતુ સ્ટેટમેન્ટ જ્વેલરી ફરીથી ફેશનમાં આવી છે.

**હાઈલાઈટ્સ :**

ચોકર નેકલેસ.
લેયર્ડ ચેઇન્સ.
મોટા હૂપ ઇયરરિંગ્સ.
ઓક્સિડાઇઝ અને ફ્યુઝન જ્વેલરી.

### બંગડીઓ હવે ફક્ત તહેવારો પૂરતી નથી



એક સમયે બંગડીઓ ખાસ પ્રસંગો માટે જ પહેરાતી હતી. હવે તે કેઝ્યુઅલ લુકનો પણ ભાગ બની ગઈ છે.

**નવી સ્ટાઈલિંગ**

જીન્સ સાથે મેટલ બંગલ્સ. ફ્યુઝન ડ્રેસ સાથે સ્ટેકિંગ.
ગોલ્ડન અને ઓક્સિડાઇઝ બ્રેસલેટ્સનું મિક્સ-એન્ડ-મેચ.બોહો લુકમાં બંગડીઓની ખાસ ભૂમિકા.

### મેશ ટોપ ફરી બની રહ્યો છે યુથ ફેવરિટ



2000ના દાયકાનો સૌથી બોલ્ડ ટ્રેન્ડ હવે ફરી સોશિયલ મીડિયા પર છવાઈ ગયો છે.


**કેવી રીતે પહેરાય?**

બ્રાલેટ અથવા કેમિસોલ સાથે.
ડેનિમ અને કાર્ગો પેન્ટ્સ સાથે.
પાર્ટી અને વેકેશન લુક માટે આદર્શ.
ટ્રાન્સપરન્ટ લેયરિંગ દ્વારા સ્ટાઇલિશ દેખાવ.

# ફૂટપાથનો ફિલોસોફર : પ્રદીપ... જેણે પુસ્તકો નહીં, પેઢીઓ ઘડી

## ફતેહગંજના શાંત પુસ્તકપ્રેમીની વિદાયથી વડોદરાએ ગુમાવ્યો જ્ઞાન, માનવતા અને સંસ્કારનો એક જીવંત દીવો

કોઈ શહેરની ઓળખ માત્ર તેના ઐતિહાસિક સ્મારકો કે ભવ્ય ઈમારતોથી નથી થતી. એ શહેરને ઓળખ અપાવતા હોય છે ત્યાંના એવા સામાન્ય માણસો, જેઓ અસામાન્ય કાર્ય કરીને અસંખ્ય લોકોના જીવનને સ્પર્શી જાય છે. વડોદરાના ફતેહગંજમાં બેંક ઓફ બરોડાની સામે વર્ષો સુધી પુસ્તકોથી ઘેરાયેલો એક નાનકડો ફૂટપાથનો સ્ટોલ પણ આવી જ એક ઓળખ હતો, અને તેની આત્મા હતા પ્રદીપભાઈ.તેમના સ્ટોલ પર પુસ્તકો વેચાતા નહોતા, સંબંધો બંધાતા હતા. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતો વિદ્યાર્થી હોય, સાહિત્યપ્રેમી યુવાન હોય કે નિવૃત્ત વાચક–દરેક માટે પ્રદીપભાઈ પાસે યોગ્ય પુસ્તક અને સાથે બે શબ્દોની પ્રેરણા તૈયાર જ રહેતી. અનેક વિદ્યાર્થીઓ માટે તેમનો સ્ટોલ લાઈબ્રેરી, માર્ગદર્શક અને મિત્ર–ત્રણેનું સંગમ હતો.




### શરીર ભલે નાનું, વિચારોનું આકાશ અનંત...

રાજસ્થાનના ગરીબ ગામમાંથી વડોદરા આવેલા પ્રદીપભાઈને બાળપણની શારીરિક વિકલાંગતા ક્યારેય નડતી નહોતી. તેમની સૌથી મોટી સંપત્તિ હતી–પુસ્તકો પ્રત્યેનો અદમ્ય પ્રેમ અને માનવતા. મુરાકામી, પાઉલો કોએલ્હો, સિડની શેલ્ડનથી લઈને ગુજરાતી સાહિત્ય સુધીના હજારો પુસ્તકો તેમણે માત્ર વેચ્યા નહોતા, પરંતુ જીવી લીધા હતા. તેમના માટે દરેક પુસ્તક એક મિત્ર હતું અને દરેક વાચક પરિવારનો સભ્ય.તેમનું એક જ સૂત્ર હતું–”પૈસાના અભાવે કોઈનું વાંચન અટકવું ન જોઈએ.” એક વખત પૈસા ચૂકવ્યા વિના પુસ્તક લઈ જવા નીકળેલા યુવકને ઠપકો આપવાને બદલે તેમણે પુસ્તક ભેટમાં આપી દીધું.

### પ્રદીપભાઈનો સાચો વારસો શું છે?

તેમણે કોઈ ઇમારત ઊભી કરી નથી, કોઈ મોટી સંસ્થા સ્થાપી નથી. પરંતુ તેમણે હજારો ઘરોમાં પુસ્તકો પહોંચાડ્યાં, હજારો યુવાનોમાં વાંચનની ટેવ જગાવી અને અસંખ્ય સપનાઓને પાંખો આપી.આજે ફતેહગંજનો એ ફૂટપાથ કદાચ શાંત છે, પરંતુ દરેક તે વિદ્યાર્થીના પુસ્તકના પાનામાં, દરેક વાચકની યાદમાં અને વડોદરાની સંસ્કારી ઓળખમાં પ્રદીપભાઈનું અસ્તિત્વ હંમેશાં જીવંત રહેશે.

### અંતિમ શબ્દ

“કેટલાક લોકો જીવન જીવે છે, કેટલાક લોકો જીવનને અર્થ આપે છે. પ્રદીપભાઈએ ફૂટપાથ પર બેઠા બેઠા માત્ર પુસ્તકો જ નહીં, પરંતુ આખી એક પેઢીને વિચારોની સંપત્તિ ભેટ આપી. તેમનો ‘પ્રદીપ’ ભલે આજે બુઝાઈ ગયો હોય, પરંતુ તેમણે પ્રગટાવેલા જ્ઞાનના દીવા વડોદરાના હૃદયમાં સદાય ઝળહળતા રહેશે.”

### પૂર આવ્યું, કોરોના આવ્યો... પણ પુસ્તકપ્રેમ ક્યારેય ડગ્યો નહીં

વિશ્વામિત્રી નદીના પૂરમાં હજારો પુસ્તકો વહેતા રહ્યા, પરંતુ પ્રદીપભાઈનો આત્મવિશ્વાસ ક્યારેય વહ્યો નહીં. કોરોનાના લોકડાઉનમાં ઘરમાં અનાજ ન હતું, ત્યારે કાચા બટાકા ખાઈને દિવસો પસાર કર્યા, પરંતુ વાંચન અને પુસ્તકોનો સાથ છોડ્યો નહીં.પોતાની બહેનના લગ્ન કરાવ્યા, અનાથ ભત્રીજાને દત્તક લીધો, બેંકમાંથી લોન લઈને તેને ઉચ્ચ અભ્યાસ માટે દિલ્હી મોકલ્યો અને વર્ષો સુધી પોતે સંઘર્ષ કરીને હપ્તા ભર્યા. ભત્રીજો સરકારી અધિકારી બન્યો, પરંતુ તેને ક્યારેય ખબર પડવા દીધી નહીં કે તેની સફળતા પાછળ પોતાના કાકાનો ત્યાગ હતો.

